ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૩૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૩૪ ટકા

# પાઠશાળાના પગથીયે પ્રથમ પગલે પ્રેમાળ પ્રસન્નતા પ્રસરી

## ધોરણ-૧ માં પ્રવેશ મેળવેલ બાળકોના માતા-પિતાના અભિપ્રાયો

● અમે આર.ટી.ઈ. હેઠળ અમારા પુત્ર રયાન ડામોરનો પ્રવેશ લીધો છે. તે ભણવામાં ઘણો જ હોંશિયાર છે. તે સિનિયર કેજીમાં ૫૦૦/૫૦૦ ગુણ સાથે ઉત્તીર્ણ થયો છે. અમે આશા રાખીએ તે આવી રીતે જ જીવનમાં આગળ વધે.

- અર્ચના ડામોર (રયાનના માતા)

● હું ઈચ્છું છું કે મારી પુત્રી ભવિષ્યમાં સી.એ. બને. પરંતુ જો તેણી ભવિષ્યમાં બીજું કોઈ ક્ષેત્ર પસંદ કરવા ઈચ્છા દર્શાવશે તો હું તેને પુરેપુરો સાથ સહકાર આપીશ.

- જીગ્નેશ વેગડા (હિનલના પિતા)

● મારી દિકરી ડોકટર બને તેવી અભિલાષા ખરી પણ અંતે તો તેની મરજી જિંદાબાદ. દિકરી પગભર બનશે અને જીવનમાં આગળ વધશે તો અમને ખૂબ ગર્વ થશે.

- કોકિલા ઓઝા (પરીશીના માતા)

● મારી દિકરીને મારે ડોકટર બનાવવાની ઈચ્છા છે. મારી દિકરી શાળાએ જવા માટે ખૂબ ઉત્સુક હોય છે તેમજ આખો દિવસ તેના ભાઈ સાથે મસ્તી કરે છે.

- યુવરાજસિંહ ઝાલા (ઉર્વશીના પિતા)

● અમે આ શહેરમાં ગામડાંમાંથી સ્થળાંતર કરીને આવ્યા છીએ તેથી તેને એકલી મુકવામાં ડર અનુભવાય છે. મારા માટે મારા દિકરાની સારી કેળવણી એ જ પ્રાથમિકતા છે. મેં મારા બાળકને બપોરની શાળામાં ભણવા મુકયો છે કારણકે મને લાગે છે કે સવારના સમયવાળી શાળાથી બાળકની ઉંઘમાં ખલેલ પહોંચે છે તેને પૂરતો આરામ મળતો નથી.

- ક્રિશ્ના પટેલ (હિતના માતા)

● મારી ઈચ્છા છે કે મારી દિકરી ભવિષ્યમાં સરકારી નોકરી કરે. મારી દિકરીને મેં ગુજરાતી માધ્યમમાં પ્રવેશ લેવડાવ્યો છે. મારું માનવુ છે કે ભાષાની બાળકના માનસ પર બહુ ઉંડી અસર પડે છે. બાળકને તેની માતૃભાષામાં ભણાવવું વધુ યોગ્ય છે.

- દર્શન પટેલ (ક્રિયાના પિતા)

● મારા દિકરા તરફથી મને કોઈ પ્રકારની અપેક્ષા નથી. અમે ઘડપણ માટે પણ તેના સહકારની કોઈ આશા સેવી નથી. અમે ફકત એટલું જ ઈચ્છીએ છીએ કે તે તેનું જીવન મજાથી જીવે અને સુખમય રીતે પસાર કરે, કોઈ ભારણ વિના.

- નરેશ પ્રજાપતિ (શિવમના પિતા)

● ગ્રેન્સી નવું નવું શીખવા માટે હંમેશા તત્પર જ હોય છે. તે શાળાએ આવીને ખુબ ખુશ છે. તરત નવા મિત્રો બનાવી લે છે. ભવિષ્યમાં તેને શિક્ષક બનવાની ઈચ્છા છે અમે તેને પૂરો સહકાર આપીશું.

- જાનકી પટેલ (ગ્રેન્સીના માતા)



ગાંધીનગર, તા.૧૧

શાળાઓમાં આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતાં બાળકોનો રીતસર કોલાહલ શહેરભરમાં જોવા મળ્યો હતો. શાળા સંકુલો ભૂલકાંઓના કિલ્લોથી ગુંજી ઉઠયા હતા. શહેરની શાળાઓમાં ધોરણ-૧ના બાળકોએ પ્રથમ પગલું માંડતા પરિસરમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. શાળાઓમાં બાળકોની હાજરીથી સમગ્ર પરિસર તથા વર્ગખંડો જીવંત બની ગયા હતા.

શાળાઓનો પ્રારંભ થતાની સાથે જ શહેરના આંતરિક માર્ગો પર પણ ટ્રાફિક જોવા મળ્યો હતો. સ્કૂલવાન અને રીક્ષા ચાલકો પણ એકશન મોડમાં આવી ગયા હતા. વેકેશન દરમિયાન સૂની પડેલી સ્ટેશનીરીની દુકાનોમાં પણ વિદ્યાર્થીઓ અને વાલીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. મનમાં અનેક સ્વપ્નો સેવીને માતા-પિતા બાળકોને શાળાએ ભણવા મોકલી રહ્યા છે. વાલીઓની લાંબી કતારો શાળા છૂટવાના સમયે શાળાની બહાર જોવા મળતી હોય છે, દરેક માતા-પિતા પોતાના બાળકને લઈને સપનાં જોતા હોય છે. આ ઉપરાંત, તેઓ બાળક પાસે સપનાં પૂર્ણ કરવાની અપેક્ષા પણ રાખતાં હોય છે. કેટલાક મા-બાપો પોતાની આશા-અપેક્ષાઓ રીતસર બાળકો પર થોપતા હોય છે. બાળકો અપેક્ષાઓના ભારણ નીચે દબાઈ જતાં હોય છે.

બાળકોનો શાળામાં પ્રવેશ થતાની સાથે જ માતા પિતા ભવિષ્યની ચિંતાઓમાં ખોવાઈ જાય છે. દરેક માતા પિતા બાળકને સારી કેળવણી અપાવવા માટે પૂરતા પ્રયત્નો કરતાં જ હોય છે. તેઓ બદલામાં ફકત વૃધ્ધત્વના સમયે તેમનો સહકાર જ ઝંખતા હોય છે. માતા -પિતા એટલું જ ઈચ્છતા હોય છે કે, તેમના બાળકો તેમના ઘડપણની લાકડી બને!

## સાવધાન...!! સોશ્યલ મિડીયા પર વાઈરલ થયેલી લોભામણી જાહેરાતોમાં ભરમાશો નહી..!!

ગાંધીનગર, તા.૧૧

આજકાલ સોશ્યલ મિડીયાનો ઉપયોગ ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. જો કે સોશ્યલ મિડીયા પર વાઈરલ થતા દરેક સમાચાર કે માહિતી સાચી હોય તે જરુરી નથી કેમ કે આ માધ્યમ પર 'ફેક ન્યુઝ'ની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. તાજેતરમાં સોશ્યલ મિડીયા પર એક જાણીતી બ્રાન્ડના સુપરમાર્કેટ દ્વારા રૂ. ૨૫૦૦ના ફી વાઉચરની ઓફર કરાતી હોવાના સંદેશા ઝડપભેર વાયરલ થઈ રહ્યા છે જે ખોટા હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

ગાંધીનગર અને અમદાવાદમાં પોતાના ડિપાર્ટમેન્ટલ સુપરસ્ટોર્સ ધરાવતી જાણીતી કંપની દ્વારા તેની સ્થાપનાને ૧૬ વર્ષ પૂર્ણ થયા હોવાથી કંપની દ્વારા ઓનલાઈન કેટલાક પ્રશ્નોના જવાબો આપવાથી રૂ. ૨૫૦૦નું વાઉચર ફ્રી આપવામાં આવે છે તેવા મેસેજીસ સોશ્યલ મિડીયા પર વાઈરલ થયા છે અને તેની સાથે એક વેબલિંક આપવામાં આવી હોય છે જેના પર કિલક કરીને કોઈ પણ વ્યકિત આ વાઉચર જીતી શકે છે. જો કે શહેરમાં એક જ સમયે અલગ અલગ વ્યકિતઓ દ્વારા જયારે આ લિંક ઓપન કરવામાં આવી ત્યારે તેમાં કંપની દ્વારા બાકી રહેલા વાઉચરની સંખ્યા પણ ભિન્ન ભિન્ન જોવા મળી હતી. આ પ્રકારની કિવઝ પુરી કર્યાના એકથી બે દિવસમાં જીતનારને વાઉચર મળી જશે તેવું લિંકમાં લખ્યું હોય છે પરંતુ હજુ સુધી કોઈને આવું વાઉચર પ્રાપ્ત થયું હોવાના પુરાવા પણ મળ્યા નથી. આથી, આ પ્રકારની લિંક એ ખોટી હોવાની અને લભાગુ તત્વો દ્વારા મોબાઈલ ડેટા ચોરી કરવા માટેની સ્કીમ હોય તેવું પ્રથમ દૃષ્ટિએ જણાઈ રહ્યું છે તેથી નગરજનોએ સાવધ રહેવું જરુરી જણાય છે.

## રાંદેસણ ગામે દુકાનમાં ચાલતા જુગાર ધામ પર એસ.ઓ.જી.નો દરોડો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીકના રાંદેસણ ગામની સીમમાં શ્રીરંગ મોલ નગરની દુકાનમાં ચાલતા જુગારધામ પર એસઓજીએ દરોડો પાડી સાત જુગારીઓને ઝડપી પાડયા હતા. એસઓજીએ દરોડામાં કુલ રૂ. ૩.૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને તમામ વિરુધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

રાંદેસણ ગામમાં આવેલી દુકાન નં. ૩૨, એચ.એસ. શ્રીરંગ મોલનગર ગીફટસીટી રોડમાં મનોજ ગોવિંદલાલ દલવાડીના કબજા ભોગવટાની દુકાનમાં કેટલાક ઈસમોને બહારથી બોલાવી પાના-પત્તાનો જુગાર રમાડી રહ્યો હોવાની બાતમી મળતા ગાંધીનગર એસ.ઓ.જી.ના પી.આઈ. પી.આઈ. સોલંકી સહિતના પોલીસ કર્મીઓએ દરોડો પાડયો હતો અને જુગાર રમતા મનોજભાઈ ગોવિંદલાલ દલવાડી (રહે. એન ૫૦૩ નિર્ણયનગર અમદાવાદ), અશોક પ્રભુદાસ ઠકકર (રહે. વાવોલ), રાજેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ ડાભી (રહે. ઉનાવા), પ્રદ્યુમન ત્રિવેદી (રહે. ઉનાવા), પટેલ ભરતકુમાર ઉર્ફે ફુલભાઈ આત્મારામ (રહે. માણસા), કુમાર રણજીતસિંહ ગઢવી (રહે. બ્લોક નં. ૧૨૦/૧ જ ટાઈપ સે-૧૭) વિનોદસિંહ અમરસિંહ ડાભી (રહે. પેથાપુરને ઝડપી પાડયા હતા. પોલીસે રોકડ, મોબાઈલ ઈકો ગાડી મળી કુલ રૂ. ૩,૮૫,૦૮૦નો મુદ્દામાલ જપ્તો કર્યો હતો અને તમામ વિરુધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરનું ગ-૧ બસ સ્ટેન્ડ કયારે તૈયાર થશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના મુસાફરો માટે શહેરના માર્ગો પર બસ સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા છે. ત્યારે જુના અને જર્જરીત થયેલા બસ સ્ટેન્ડને પગલે તાજેતરમાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી નવા આધુનિક બસ સ્ટેન્ડ ઉભા કરાયા છે. ત્યારે નગરમાં નવા બસ સ્ટેન્ડ મોટાભાગના તૈયાર થઈ ગયા છે. ત્યારે ગ-૧ નું બસ સ્ટેન્ડનું કામ અધુરુ છે. આગામી સમયમાં ચોમાસાની સિઝનનો પ્રારંભ થવાની તૈયારીમાં છે. આકાશમાં કાળા ડીંબાગ વાદળો ઘેરાય છે પરંતુ વરસતા નથી. તેવી સ્થિતિમાં મુસાફરોને બેસવા માટે આ બસ સ્ટેન્ડની કામગીરી ઝડપી પુરી થાય તેમ સ્થાનિક નાગરીકો ઈચ્છી રહ્યા છે.

## સ્કૂલ વાહનોના ભાડામાં વધારો થવાની હિલચાલ..!!

### અમદાવાદમાં ભાવ વધારા પછી ગાંધીનગરના સ્કૂલ વાહન ચાલકો પણ ભાડા વધારવાની વેતરણમાં

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં શાળાઓના નવા સત્રનો પ્રારંભ થઈ ચુકયો છે અને શાળા સંકુલોમાં બાળકોનો કોલાહલ ગુંજી ઉઠયો છે. બીજી તરફ સીએનજી ગેસના ભાવોમાં છેલ્લા એક વર્ષ દરમિયાન થયેલા વધારાને પગલે સ્કૂલ રીક્ષા અને સ્કૂલ વાન ચાલકોમાં ભાડા વધારો કરવા અંગે ચર્ચા હાથ ધરાઈ હોવાથી વાલીઓ ચિંતાતુર બન્યા છે.

શાળાના નવા સત્ર પ્રારંભે સ્કૂલ ડ્રેસથી માંડીને પુસ્તકો વગેરેમાં ભાવ વધારો તોળાઈ રહ્યો છે. આ સાથે હવે તેમાં સ્કૂલ રીક્ષા અને સ્કૂલ વાનચાલકો દ્વારા પણ ભાડા વધારો ઝીંકવાની હિલચાલ આરંભાઈ છે. એક તરફ દેશમાં વધતી મોંઘવારી અને વધતા પેટ્રોલ, ડીઝલ તથા સીએનજી ગેસના ભાવોએ તમામ ચીજવસ્તુઓના ભાવો વધાર્યા છે. આ સંજોગોમાં ગત વર્ષે જ ભાડા વધારો કરી ચુકેલા સ્કૂલ વાહન ચાલકો આ વર્ષે ફરી એકવાર ભાવ વધારો કરવાના મૂડમાં જોવાઈ રહ્યા છે. નવા સત્રથી અમદાવાદમાં સ્કૂલવાહન ચાલકોએ ભાડામાં વધારો કર્યો હોવાના સમાચારના પગલે ગાંધીનગરના સ્કૂલવાહન ચાલકોએ પણ ભાડાં વધારવાની વિચારણા હાથ ધરી હોવાના સંકેત પ્રાપ્ત થયા છે. જેને પગલે વાલીઓના ખસ્સા પર વધુ આર્થિક બોજ પડવા જઈ રહ્યો હોવાથી વાલીઓ ચિંતાતુર બન્યા છે.

## વાતવાતમાં

● નવા સચિવાલયમાં પાર્કિંગ લોટમાં પૂરતા શેડનો અભાવ હોવાથી વાહનધારકોને તેમના વાહન ખુલ્લામાં તડકે પાર્ક કરવા પડી રહ્યા છે. નવા સચિવાલયના બ્લોક નં. ૭, ૨, ૫ અને ૪ તરફ ભોંયરામાં પાર્કિંગની સુવિધા હોવા છતાં પણ ચાલુ કરવામાં આવી ના હોવાથી કર્મચારીઓમાં અસંતોષ જણાઈ રહ્યો છે.

## આજે રૂદ્રાભિષેક મંડળ દ્વારા લઘુરૂદ્રાભિષેક કરાશે

ગાંધીનગર, તા.૧૧

રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના ઉપક્રમે વિક્રમ સંવત ૨૦૭૪ અધિક જેષ્ઠમાસની શિવરાત્રી કૃષ્ણ પક્ષ ૧૩ મંગળવારને તા. ૧૨-૬-૨૦૧૮ના દિવસે સાંજે ૫.૦૦ કલાકે ઓમકારેશ્વર મહાદેવ મંદિર, સેકટર-૩ ખાતે ભારતી દવે તરફથી લઘુરૂદ્રાભિષેક કરવામાં આવશે. ભાવિકો પુરૂષોત્તમ માસમાં ભગવાન સદાશિવનું અર્ચન કરી ધન્યતા અનુભવશે.



ઘ દોઢ ચોકડી પર ભયજનક ખાડો

શહેરના ઘ દોઢ ચોકડી પર માર્ગ વચાળે આવેલી ગટર તૂટી જતા ભયજનક ખાડો થઈ ગયો છે. આ ભયજનક ખાડો ગમે ત્યારે અકસ્માત સર્જી શકે તેમ છે. ચોમાસાની સીઝન પહેલા જ શહેરના કેટલાક સ્થળે ભુવા પડવાની ઘટના સામે આવી છે. જયારે કેટલાક સ્થળે ગટરના ઢાંકણા તુટી ગયા છે. આ ભુવા અને તૂટેલા ગટરના ઢાંકણાને લીધે અકસ્માતની સમસ્યા સર્જાઈ શકે તેમ છે. જો કે રાત્રિના સમયે વાહન ચાલકોને આ ખાડા નજરે નથી પડતા જેથી ભારે મુશ્કેલીઓ થઈ જાય છે. ઘ દોઢ ચોકડી પર પડેલા ખાડા પર રહીશોએ ઉપર ઝાડનું ડાળુ તોડીને મૂકી દીધું છે. આવા ભયજનક ખાડાને સત્વરે તંત્ર પુરી નાંખે તેવું વાહનચાલકો ઈચ્છી રહ્યા છે.

## અડાલજની સીમમાંથી ૪ જુગારીયા ઝડપાયા

### દસક્રોઈના લીલાપુર ગામના સરપંચ પણ જુગાર રમતા પકડાયા : પોલીસે રૂ. ૨૪,૯૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૧૧

અડાલજ ગામની સીમમાં કેનાલ પાસેની ઝાડીઓમાં કેટલાક શખ્સો ખુલ્લેઆમ જુગાર રમતા હોવાની બાતમી અડાલજ પોલીસના ડી સ્ટાફની ટીમને મળતા દરોડો પાડયો હતો. જેમાં દસક્રોઈના લીલાપુરના સરપંચ સહિત ૪ શખ્સોને ઝડપી પાડયા હતા. દરોડામાં પોલીસે રૂ. ૨૪,૯૯૦ની રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પોલીસ પાસેથી મળેલી વિગત અનુસાર અડાલજ પોલીસના ડી સ્ટાફ પીએસઆઈ એ.જી. એનુરકાર તેમની ટીમના પોલીસ કર્મી પદમસિંહ, અમૃતભાઈ, રામેશ્વરભાઈ વગેરે અડાલજ-ઝુંડાલ કેનાલ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે કેનાલ પાસેની ઝાડીઓમાં કેનાલ ભઠ્ઠા પાસે કેટલાક શખ્સો તીન પત્તીનો જુગાર રમી રહ્યા છે તેવી બાતમી મળી હતી જે બાતમીના આધારે દરોડા પાડતા લીલાપુરના સરપંચ વિરમજી પ્રહલાદજી ઠાકોર તથા દશરથજી લક્ષ્મણજી ઠાકોર (રહે. શેરથા) અમરતજી ઉર્ફે અશોકજી જુહાજી ઠાકોર (રહે. શેરથા) તથા કનુભાવગીરી ગોસ્વામીને જુગાર રમતા ઝડપી પાડયા હતા. પોલીસે આરોપીઓની અંગ ઝડતી તથા બાજી પરથી કુલ મળીને રૂ. ૨૪,૯૯૦ની રોકડ જપ્ત કરી હતી અને તમામ વિરુધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## વનચેતના કેન્દ્રમાં વૃક્ષ-રોપાનું વિતરણ શરૂ



ગાંધીનગર શહેરના સેકટર-૩૦ સ્થિત વનચેતના કેન્દ્ર ખાતે વિવિધ રોપાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. નગરજનો અને પર્યાવરણ પ્રેમીઓ ઉત્સાહપૂર્વક રોપાઓ લઈ જાય છે.

વૃક્ષોના નગર તરીકે ગાંધીનગરનું નામ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. અહીં નગરજનોમાં વૃક્ષ ઉછેરનું પણ અનેરું મહત્ત્વ છે. પ્રતિવર્ષ સરકાર અને સામાજિક સંસ્થાઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવે છે. આ વર્ષે પણ વનવિભાગના વનચેતના કેન્દ્ર ખાતે વિવિધ રોપાઓનું વિતરણ શરૂ થઈ ગયું છે. નગરજનો મોટા પ્રમાણમાં વિવિધ પ્રકારના ઘર આંગણે ઉછેર કરી શકાય તેવા રોપાઓ વાવવા માટે લઈ જાય છે. વનચેતના કેન્દ્ર ખાતેથી છેલ્લા ૧૦ દિવસમાં ૧૧ હજારથી વધારે રોપાઓનું નગરજનોમાં વિતરણ કરવામાં આવ્યું છે.

## ગાંધીનગર ડૉ. બાબાસાહેબ ઓપન યુનિ. કેન્દ્રમાં પ્રવેશ શરૂ

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૧૫માં સ્થિત સરકારી વિનયન કોલેજમાં કાર્યરત ડૉ. બાબાસાહેબ આંબડકર ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં વિવિધ વાર્ષિક કોર્ષમાં પ્રવેશ શરૂ થઈ ગયા છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી કેન્દ્ર ખાતે આર્ટસ, કોમર્સ, માસ્ટર્સ, સીસીસી, સીઆઈસી, સીએચઆર, સીસીસીડી વગેરે ડિપ્લોમાં કોર્ષમાં તા. ૮ જૂનથી ૭ જુલાઈ ૨૦૧૮ સુધીમાં પ્રવેશ શરુ થઈ ગયો છે. ઘરે બેઠા અભ્યાસની સરળ સગવડતા છે માટે રસ ધરાવનારે સવારે ૧૦ થી ૧ પ્રવેશ માટે કોલેજના કો. ઓર્ડીનેટર વી.એ. જાડેજાનો સંપર્ક કરવો.

## દરેક જ્ઞાતિના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડા વિતરણ





ગાંધીનગર, તા.૧૧

શકિત ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળના ટ્રસ્ટનાં સ્થાપક દ્વારા છેલ્લા ૧૬ વર્ષથી વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ચોપડા વિતરણ કરવામાં આવે છે.

પ્રમુખ પ્રદ્યુમનસિંહ કે. વાઘેલા દ્વારા છેલ્લા ૧૬ વર્ષથી વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડા વિતરણ કરવામાં આવી રહ્યુ છે. ચાલુ વર્ષે પણ પ્રદ્યુમનસિંહ વાઘેલાના વાઘેશ્વરી પાર્ક-પેથાપુરથી વિનામૂલ્યે ચોપડાનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે. આશરે ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ વિનામૂલ્યે ચોપડા મેળવ્યા હતા. તદુપરાંત હજુ પણ મેળવી રહ્યા છે.

પ્રદ્યુમનસિંહ વાઘેલા ઘણી સેવાકીય સંસ્થા સાથે જોડાયેલા છે તથા ઘણી સેવાકીય પ્રવૃત્તિઓમાં યોગદાન પણ આપે છે.

## ગાંધીનગર જિલ્લા ટેકવોન્ડો એસોસિએશનના ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષાએ ઝળકયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર પાસેના ચાંદખેડાની વર્લ્ડ ટેકવોન્ડો એકેડેમીના ખેલાડીઓએ તાજેતરમાં રાજસ્થાનના માઉન્ટ આબુ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની સિલેકશન ચેમ્પિયનશીપમાં ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો છે. આ ચેમ્પિયનશીપમાં પસંદગી પામેલ ખેલાડીઓ આગામી ઓગષ્ટ માસમાં ભૂતાન ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ ચેમ્પિયનશીપમાં રમવા જશે.



માઉન્ટ આબુના આરટીડીસી હોલ ખાતે યુથ એન્ડ કલ્ચર ડેવલપમેન્ટ દ્વારા ભૂતાન ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ ચેમ્પિયનશીપ સિલેકશન નેશનલ ચેમ્પિયનશીપ યોજવામાં આવી હતી. જેમાં ચાંદખેડા વર્લ્ડ ટેકવોન્ડો એકેડેમીના ધિમહી પટેલ, વ્યોમિકા પટેલ, કાનલ ચોકસી અને આર્યન ચાવડાએ ગોલ્ડમેડલ જયારે રાજન કલારિયા, જયદિપ ઠાકોર અને પ્રણવ પરમારને સિલ્વર મેડલ તેમજ વિજય પરમારને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત કોચ રાજેશ ચાવડાને બેસ્ટ કોચનો એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

## ચિરવિદાય

- સ્વ. લીલાબેન યશવંતસિંહ સોલંકી, ઉ.વ. ૬૯
- સ્વ. ગણેશજી ધરમાજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. ભાર્ગવી કોરયુરામન, ઉ.વ. ૭૭
- સ્વ. જસીબેન લીલાભાઈ રબારી, ઉ.વ. ૬૫
- સ્વ. પ્રવિણસિંહ અણદુભા ચુડાસમા, ઉ.વ. ૮૪
- સ્વ. મણીબેન ગોપાળજી ગોહિલ, ઉ.વ. ૯૫